અંબા આવો તો રમીએ, અમે રમીને બતાવીએ...

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૯૯ | ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪, મંગળવાર; આસો સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેરમાં લારી-ગલ્લા માટે હોકર્સ ઝોન નિયત કરાશે



ગાંધીનગર, તા.૨૯

સ્વચ્છ ભારત અભિયાન એ સરકારી કાર્યક્રમ તરીકે નહી, એકાદ દિવસ કે સપ્તાહ પૂરતું નહી, પણ એક સ્વભાવ - ટેવ બનવી જોઈએ, તેવું આજરોજ તા. ૨ ઓકટોબર, ૨૦૧૪ના રોજથી આરંભ થતાં સ્વચ્છ ભારત અભિયાનના સુચારું આયોજન અર્થે મળેલ બેઠકમાં ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે જણાૃયું હતું.

જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લાના પદાધિકારીશ્રીઓ, અધિકારી-કર્મચારીશ્રીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાય તે મોટી વાત છે, પણ એ કાયમી વાતાવરણમાં પલટાય તેવો માહોલ ઉભો કરવો ખૂબ જ જરૂરી છે. સ્વચ્છતા અંગે શિક્ષિત લોકોમાં જાગૃતિ છે જ પણ સ્વચ્છતા મારી જવાબદારીમાં આવતી નથી તેવી ભાવના મનમાંથી દૂર કરવી ખૂબ જરૂરી છે.

આપની આસપાસની સ્વચ્છતાથી આપનામાં હકારાત્મક વિચારોનું નિર્માણ થાય છે. તેમજ આપને એક ઉર્જાનો અનુભવ થતા કામ કરવાની ક્ષમતા વધી જાય છે, તેવું કહી તેઓશ્રીએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા પોતાના કપડા, ફાઈલ, નોંટિગ, વાહન, ફર્નિચર, કચેરીના સાધનો, શૌચાલય જેવી તમામ બાબતોમાં જરૂરી છે.

સ્વચ્છ ભારત અભિયાન દરમ્યાન તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને પોતાની કચેરીથી જ સ્વચ્છતાની શરૂઆત કરવા પણ ભાર પૂર્વક જણાવ્યું હતું.

સ્વચ્છતાએ પાર્ટ ઓફ લાઈફ છે, તેવું જાણાવી તેઓશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, દરેક અધિકારી-કર્મચારીએ સ્વચ્છતા માટે દર સોમવારે પોતાના ટેબલ, ખાનામાં અને અન્ય જગ્યાએ પડેલ બિન જરૂરી કાગળ, આમંત્રણ કાર્ડ અન્ય ચીજવસ્તુઓ દુર કરવી જોઈએ. તે ઉપરાંત અધિકારી-કર્મચારીઓને ઓફિસના સમય દરમ્યાન ધુમ્રપાન, પાન-મસાલા ન ખાવા પણ ખાસ અનુરોધ કર્યો હતો. અધિકારીશ્રીઓને કચેરીના ઈલેકટ્રીક ચીજ-વસ્તુઓની સ્વચ્છતા જાળવાય તેમજ ફાઈલો પણ યોગ્ય ગોઠવાય તેનું ખાસ ધ્યાન રાખવા જણાવ્યું હતું. દરેક કર્મચારીની પાસે એક કચરા ટોપલી હોય, કચેરીમાં પડી રહેલા જુના ફર્નિચર, પસ્તીનો નિકાલ કરવા તેમજ સારી ગુણવત્તાવાળું ફર્નિચર ખરીદવા પણ ખાસ જણાવ્યું હતું. તેમજ તમામ મામલતદારશ્રીઓને જન સેવા કેન્દ્રોની સ્વચ્છતા યોગ્ય રીતે થાય તે પણ જોવા ખાસ ધ્યાન દોર્યુ હતું. તે ઉપરાંત દરેક કચેરીઓને સુશોભિત કરવા માટે નાના કુંડા કે પ્લાન્ટેશન કરવા અનુરોધ કર્યો હતો. તેમજ જે કચેરીની આસપાસ ખુલ્લી જગ્યા છે, ત્યાં ગાર્ડનિંગ કરવા પણ જણાવ્યું હતું. તેમજ રાજયના પાટનગર ગાંધીનગરની અલગ ઓળખ ઉભી કરવા માટે પાટનગરના હાર્દસમા માર્ગો પર ઉભા રહેતા લારી - ગલ્લા દૂર કરીને તેમના માટે હોકર્સ ઝોન બનાવવા

● અનુસંધાન પાન-૭ પર

# સાંજે વરસાદી વાયરા વચ્ચે વાદળિયું વાતાવરણ

## નવરાતમાં આકરા બફારાથી ખેલૈયાઓ પણ આકુળ વ્યાકુળ

ગાંધીનગર, તા.૨૯

શહેરમાં નવરાત મહોત્સવના મધ્યાંતરે આજે સાંજે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકરા બફારા વચ્ચે અચાનક ઠંડા પવનની લહેરકી સાથે વાદળિયું વાતાવરણ છવાઈ ગયું હતું. કોઈક ઠેકાણે વરસાદના છાંટણા પડયા હતા. મૌસમનો મિજાજ અચાનક બદલાતા ખેલૈયાઓ પણ મુંઝવણમાં મુકાઈ ગયા હતા.

નવરાત્રિના પ્રારંભ પૂર્વે આકાશમાંથી વિખેરાઈ ગયેલા વરસાદી વાદળોના લીધે ગરબાપ્રમીઓએ નિરાંત અનુભવી હતી નવરાત પર્વની ઉજવણીમાં વરસાદ વિઘ્નરૂપ બનશે કે કેમ તે પ્રશ્ન ખેલૈયાઓ માટે શિરદર્દ સમાન બન્યો હતો. પરંતુ નવરાતના પ્રારંભથી જ વાતાવરણ ફેવરેબલ રહેતા ગરબા મહોત્સવના આયોજકો અને ખેલૈયાઓની ચિંતા હળવી બની હતી જયારે આ દરમિયાન વાતાવરણમાં અસહ્ય બફારો વર્તાતા નગરજનો ઉકળાટથી આકુળ વ્યાકુળ બન્યા હતા. તો બીજી તરફ આજે પાંચમા નોરતે સાંજે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો તો કેટલાક ઠેકાણે વરસાદી છાંટણા પણ પડયા હતા. જો કે થોડીવારમાં જ ઉઘાડ નીકળતા ગરબા પ્રેમીઓના આડેથી ચિંતાના વાદળો દુર હટી ગયા હતા.

શિયાળાના આરંભે જ સૂર્યનારાયણ અચાનક જ કોપાઈમાન થઈ ગયા હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા બે દિવસથી ગાંધીનગર શહેરમાં પડતી અગન દઝાડતા તાપને લીધે રહિશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે અને રહિશો ઘરમાંથી બપોરે બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

ચોમાસાનો અંત અને

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

# ગાંધીનગર-કલોલની સબરજીસ્ટ્રારની કચેરીમાં એસીબીનું સર્ચ ઓપરેશન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીના ભોંયતળીયે આવેલ સબરજીસ્ટ્રારની કચેરી તેમજ કલોલ સબરજીસ્ટ્રારની કચેરીમાં એક સાથે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતાં કર્મચારી આલમમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આજે સાંજે ચાર વાગ્યાથી શરૂ થયેલ આ સર્ચ ઓપરેશન મોડી સાંજ સુધી ચાલુ રહ્યું હતું. જો કે સર્ચ ઓપરેશન રાજ્ય વ્યાપી હાથ ધરાયાનું જાણવા મળેલ છે. સર્ચ ઓપેરશનમાં શું મળ્યું અને શું ચકાસાયુ તેની વિગતો જાણવા મળી શકી નથી.

કલેક્ટર કચેરીમાં આજે સાંજે એકાએક ત્રાટકેલી એસીબીની ટીમે દરવાજાઓ બંધ કરી અને સબરજીસ્ટ્રારની કચેરીમાં સર્ચ ઓપરેશનની કામગીરી હાથ ધરી હતી. આ ઓપરેશનની કામગીરી મોડી સાંજ સુધી ચાલી હતી.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર ઉપરાંત કલોલ ખાતે એક જ સમયે સર્ચ ઓપેરશન હાથ ધરાતાં સમગ્ર તંત્રમાં ચકચાર મચી જવા પામી હતી.

# રાજ્યમાં નવેમ્બરમાં ખેડૂત કલ્યાણ મેળાઓ

**વિવિધ યોજના હેઠળ ખેડૂતોને સહાયનું વિતરણ કરવામાં આવશે : ખેડૂતો ઓછા ખર્ચે વધુ કૃષિ ઉત્પાદન મેળવવા થાય તે માટે આધુનિક ખેતી તરફ વાળવા રાજ્ય સરકાર દ્વારા કૃષિ રથનો કાર્યક્રમ**

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળા બાદ હવે ખેડૂત કલ્યાણ મેળાનો કાર્યક્રમ આગામી નવેમ્બરમાં યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓને ઘરે બેઠા મળે તે માટે રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવે છે.

આ ઉપરાંત રાજ્યમાં કૃષિ ઉત્પાદન વધારવા કૃષિ વિકાસ સાધવા અને ખેડૂતો ઓછા ખર્ચે વધુ કૃષિ ઉત્પાદન મેળવવા થાય તે માટે આધુનિક ખેતી તરફ વાળવા રાજ્ય સરકાર દ્વારા કૃષિ રથનો કાર્યક્રમ યોજવામાં આવે છે.

કૃષિ રથના કાર્યક્રમ દરમ્યાન ગરીબ રેખા હેઠળના ખેડૂત પરિવારને વિવિધ પ્રકારની કીટ્સોનું વિતરણ કરવામાં ાવે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કૃષિ રથ ગરીબ કલ્યાણ મેળા બાદ હવે રાજ્ય સરકાર રાજ્યમાં ખેડૂતો માટે કૃષિ કલ્યાણ મેળાનો કાર્યક્રમ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઓક્ટોબરના અંતમાં અથવા નવેમ્બર મહિનામાં રાજ્યમાં કૃષિ કલ્યાણ મેળાના કાર્યક્રમો યોજવામાં આવનાર છે. જેમાં વિવિધ યોજના હેઠળ ખેડૂતોને સહાયનું વિતરણ કરવામાં આવશે. સહાય મેળવવા માટે અત્યાર સુધીમાં કૃષિ વિભાગને અંદાજે ચાર લાખ અરજીઓ મળી હોવાનું જાણવા મળે છે.

# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની હોલ ટીકીટોનું ટૂંકમાં વિતરણ

અમદાવાદ, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૧૧મી ઓક્ટોબરથી ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર ૧ અને ૩ની બોર્ડની પરીક્ષા લેવામાં આવનાર છે. આ બોર્ડની માટેની હોલ ટીકીટોનું વિતરણ આગામી તા. ૫ ઓક્ટોબરના રોજ જિલ્લા વિતરણ કેન્દ્ર પરથી કરવામાં આવશે.



કલ્ચરલ ફોરમના આંગણે હૈયું હિલોળે ચડ્યું

(તસવીર : દિપક જાની)